<u>મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા મકાઈના પ્રથમ હરોળના નિદર્શન માટે કીટ વિતરણ.</u>

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે તા.૧૦-૧૧-૧૨/૦૬/૨૦૨૦ ના રોજ " રીસર્ચ અને ડેમોસ્ટરેશન ઓફ બાયો-ફર્ટીલાઈઝર ઇન ટ્રાયબલ એરીયા ઓફ ગુજરાત", એડેપ્ટિવ ટ્રાયલ અને આઈ.સી.એ.આર પ્રોજેકટ અંતર્ગત દાહોદ, પંચમહાલ અને મહીસાગર જિલ્લાના કુલ ૮૮ ખેડૂતોને ખરીફ ઋતુમા મકાઇના પ્રથમ હરોળના નિદર્શન માટે કીટનું વિતરણ કરવામાં આવ્યું.

તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ એડેપ્ટીવ ટ્રાયલ યોજના અંતર્ગત ૧૦ ખેડૂતો, તા.૧૧/૦૬/૨૦૨૦ ના રોજ બાયોફર્ટીલાઈઝર પ્રોજેકટ અંતર્ગત ૬૬ ખેડૂતો અને તા.૧૨/૦૬/૨૦૨૦ ના રોજ આઇ.સી.એ.આર પ્રોજેકટ અંતર્ગત ૧૨ જેટલા ખેડૂત-મિત્રોને મકાઈની નવી સંકર જાત (જી.એ.વાય.એમ.એચ-૧) અને બાયો-ફર્ટીલાઈઝરનું વિતરણ કરવામાં આવેલ હતું.

વધુમાં મોટી સંખ્યામાં ખેડૂત-મિત્રો ભેગા ન થાય તે માટે અલગ-અલગ સમય દરમ્યાન તેમજ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરીને નિદર્શન માટે કિટનું વિતરણ કરવામાં આવેલ હતું. તેમજ શ્રી ડી.એમ.રાઠોડ (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) દ્વારા મકાઈની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગેનું માર્ગદર્શન કરવામાં આવેલ હતું.

